Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૦ મું
અંક ૫
૧૫ ફેબ્રુઆરી

ફાગણ

વીર સં. ૨૪૯૦
વિ. સં. ૨૦૨૦
ઇ. સ. ૧૯૬૪

आणानिद्देसकरे, गुरूणमुववायकारए ।
इंगियागारसंपन्ने से विणीए त्ति वुच्चई ।। ६ ।।

જે મનુષ્ય ગુરુજનની આજ્ઞા પ્રમાણે વર્તતો હોય, ગુરુજનની દેખરેખમાં રહેતો હોય–ગુરુકુળવાસી હોય, ગુરુજનનાં ઇંગિતોને એટલે સંકેતોને બરાબર સારી રીતે સમજતો હોય તથા કાર્ય પ્રસંગે કરવામાં આવતા તેમના (ગુરુજનના) શારીરિક કે મૌખિક આકારોને બરાબર સારી રીતે સમજી લેતો હોય તે મનુષ્ય વિનીત–વિનય સંપન્ન કહેવાય છે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૮૦ મું :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રાતિહાર્યાષ્ટક .... | ( બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૩૭ |
| ૨ | શ્રી વર્દ્ધમાન મહાવીર : લેખાંક ૫૬ .... | .... ( સ્વ. મૌક્તિક ) | ૩૮ |
| ૩ | આત્મા વિકાસશીલ છે ! .... | ( બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૪૧ |
| ૪ | બન્ધસ્વયગ કિંવા બૃહચ્છતકની બૃહચ્ચૂર્ણિ | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. ) | ૪૪ |
| ૫ | નિહ્નવવાદ .... | ( પ્રો. નર્મદાશંકર શાસ્ત્રી એમ. એ. ) | ૪૭ |


**જન્મ દિન**

આપણી સભાના પ્રમુખ અને જાણીતા ઉદ્યોગપતિ શ્રીયુત ભોગીલાલભાઈ મગનલાલ શેઠના પોષ વદી ૦))ને મંગળવારના રોજ અઠ્ઠોતેરમા જન્મદિન પ્રસંગે આપણી સભા ઉપરાંત સમાજની વિવિધ સંસ્થાઓ, સ્નેહીઓ, શુભેચ્છકો, તેમજ મિત્રવર્ગ તરફથી હાર-તોરા એનાયત કરી તંદુરસ્તીભર્યું દીર્ઘાયુષ્ય ઇચ્છવામાં આવ્યું હતું.

**આવતો અંક :** હવે પછીનો અંક ચૈત્ર માસ અધિક હોવાથી સંયુક્ત અંક બીજા ચૈત્ર શુદ ૩ બુધવાર તા. ૧૫ એપ્રીલના રોજ ચૈત્ર-વૈશાખનો અંક બહાર પડશે.

### શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને

માગશર માસના અંકમાં આપેલી સૂચના પ્રમાણે જે જે ગ્રાહક બંધુઓના લવાજમ આવી ગયા છે તેમને **ભારતીય દર્શનની રૂપરેખાની** ભેટ પુસ્તક મોકલી આપવામાં આવેલ છે.

સંવત ૨૦૧૯-૨૦ બે વર્ષના લવાજમના રૂા ૬-૫૦ તથા બુકપોસ્ટના ૩૦ મળી કુલ રૂા. ૬-૮૦ મનીઓર્ડરથી મોકલનારને ભેટ બુક મોકલી આપવામાં આવશે. તા. ૧-૩-૬૪ સુધીમાં જે જે ગ્રાહક બંધુઓના લવાજમો નહીં આવે તેમને વી. પી. ચાર્જના ૬૦ વધુ મળી કુલ રૂા. ૭-૪૦નું વી. પી. કરવામાં આવશે જે સ્વીકારી લેવા વિનંતી છે. દસ આનાનો વધારાનો ખોટો ખર્ચ ન સહન કરવો પડે તે માટે લવાજમની રકમ મનીઓર્ડર દ્વારા મોકલવી હિતાવહ છે. ગ્રાહક બંધુઓને નમ્ર વિજ્ઞપ્તિ છે કે જે રીતે સહકાર આપી જ્ઞાન-પ્રચારને ઉત્તેજન આપી રહ્યા છો તે રીતે સહકાર આપી આભારી કરશો. લક્ષદોષથી કે શરતચૂકથી વી. પી. પાછું ન ફરે તે ધ્યાનમાં રાખવા વિજ્ઞપ્તિ છે; કારણ કે તેથી જ્ઞાનખાતાને નુકશાન થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૦ મું અંક ૫ | ફાગણ | વીર સં. ૨૪૯૦ વિક્રમ સં. ૨૦૨૦

## પ્રાતિહાર્યાષ્ટક

( કવિ:—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ )

( ત્રોટક છંદ )

પ્રતિહારિ જિનેન્દ્ર તણા ગમતા, તરૂ જાણુ **અશોક** સુરો નમતા;
ઘન શીતલ છાય સુરમ્ય દિસે, સુર સેવ કરે મન ભક્તિ વસે ૧

બહુ રમ્ય સુરંગ સુવાસ ભર્યાં, કરી **પુષ્પ સુવૃષ્ટિ** અશેષ તર્યાં;
સુર નારિ નરો બહુ નૃત્ય કરી, જિન ભક્તિ કરે અતિ મોદ ભરી. ૨

સુર નાદ બજાવત મંજુ ઘણા, **ધ્વનિ દિવ્ય** ગુહીર સુવાદ્ય તણા;
નટ નાટક કેવલ સ્વર્ગસમા, વિલસે જગમાંહિ વિના ઉપમા ૩

જલધાર સમુજ્વલ ભાસ કરે, વિલસે જિન મસ્તક દૃષ્ટિ ઠરે;
**સુર ચામર** વીંઝત હર્ષ ભરે, બહુ ભાવ ભરી જિન ભક્તિ કરે. ૪

અતિ દિવ્ય મનોહર રત્ન વસે, પ્રભુ **આસન સિંહ** મુખે વિલસે;
જિનરાજ બિરાજત શાંત રસે, સુર માનવ ભક્તિ સુધા વરસે. ૫

શુભ **મંડલ ભાસ્કર** શોભિ રહે, શુચિ રંગ વિરાજિત તેજ વહે;
કિરણાન્વિત શ્રીમુખ મંડલ જે, જિનરાજ વિભાકર મંગલ છે. ૬

બહુનાથ સુહંકર **દુંદુભિના**, ધ્વનિ નાદ મનોજ્ઞ ગુહીર ઘણા;
પ્રભુ ભક્તિ ઘણી સુરરાજ કરે, ભવ કોટિ તણાં અઘ તેહ હરે. ૭

**ત્રણ છત્ર** વિરાજિત તીર્થપતિ, અમરેન્દ્ર રચે જિન ભક્તિ તતી;
અતિ સુંદર શોભિત રત્ન રચી, કરિ મંગલ નૃત્ય વિલાસ શચી. ૮

પ્રતિહાર વિશાલ જિનેન્દ્ર તણા, શુભ કાવ્ય રચ્યા નિજ ભક્તિ તણા;
સહુ ભવ્ય તણા મન જે હરશે, કવિ બાલ તણે મન મોદ થશે. ૯

—બાલેન્દુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન-મહાવીર

લેખાંક ૫૬

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

**નવમો** અધિકાર અણસણનો આવે છે. આ ભવમાં ખાધેલ વસ્તુનો ઢગલો કર્યો હોય તો મોટો ડુંગરો થઈ જાય, પીધેલ પાણી એકઠું કર્યું હોય તો મોટું સુરસાગર સરોવર પણ ઊભરાઈ જાય અને ભવોભવના વાપરેલાં ખોરાક કે પાણી એકઠાં કર્યાં હોય તો મેરુ પર્વતથી મોટો ઢગલો થાય અને દરિયાના જળ કરતાં પણ મોટો સંગ્રહ પાણીનો થાય. આટ આટલું ખાધું પીધું, પણ રંક લાલચુ જીવને કદી ધરવ થયો નથી, કદી તૃપ્તિ થઈ નથી, કદી સંતોષ થયો નથી. આહાર ચાર પ્રકારના બતાવ્યા છેઃ **અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ.** ભુખને આશુ એટલે જલ્દી શમાવી દે તે અશન તેમાં સર્વ કઠોળ, દાણા, ભાત, દૂધ, દહીં, ઘી, તેલ, પકવાન્ન, લાપસી, દહીંથરાનો તથા ફળ, ફૂલ, પત્રનો તથા લવણ, હીંગ, વરિયાળીનો સમાવેશ થાય છે, બીજા પાણ એટલે પાન નામના આહારમાં જળ, છાશની આશ, કેર આમળાનું ધોયણ તથા મદિરાના પાણીનો સમાવેશ થાય છે. ખાદિમ નામના ત્રીજા આહારમાં ખ એટલે આકાશ. મુખનું વિવર તેને પૂરવાને લગારમાત્ર ભૂખ ભાંગે, પણ અશનના આહારની પેઠે ભૂખ ન ભાંગે તેનો ખાદિમમાં સમાવેશ થાય છે. શેકેલા ચણા, સુકો મેવો (કાજુ, અખોડ, દ્રાક્ષ), ચારોળી, ખાંડ, સાકર જેવા પદાર્થોને ખાદિમ ગણ્યા છે, જ્યારે સ્વાદિમમાં અગાઉ લીધેલા આહારનો સ્વાદ જેમાં વિનાશ પામે તેવા સોપારી, પાન (તાંબુલ), પીપર, હરડાં, આમળાં, અજમો, કાથો, એલચી લવીંગ, તજ, જાયફળનો સમાવેશ થાય છે આ ચારે પ્રકારના આહારો ખૂબ ખાધાં પીધાં અને પચાવ્યાં પણ જીવને ધરપત નહિ, થોડા કલાક જાય ત્યાં પાછો પેટમાં ખાડો ને ખાડો જ રહ્યો ચારે ગતિમાં આવા આહાર તો સુપ્રાપ્ય છે, પણ તેનો ત્યાગ દુષ્પ્રાપ્ય છે. માટે ચારે પ્રકારના આહારનો ત્યાગ કર પૃથ્વીકાયાદિ એકેન્દ્રિય જીવોના મોટા નાશ વગર આહાર પ્રાપ્ત થતો નથી, માટે આ આહારનો ત્યાગ કર નાશ કર્યા કરાવ્યા કે અનુમોદ્યા વગર આહાર લગભગ અશક્ય હોવાથી તારે ભવભ્રમણ બંધ કરવું હોય તો આહારનો ત્યાગ કર-અણુસણ આદર. ધન્ના, શાળીભદ્ર, સ્કંદકાચાર્ય, મેઘકુમાર, ગજસુકુમાલ વગેરે અનેક જીવો અનસણ આદરી, ચારે આહારના પચ્ચખ્ખાણ કરી શિવગતિ સુધી ગયા અથવા શિવમંદિરમાં પહોંચી ગયા. એ રસ્તો તારે લેવો હોય તો હે ચેતન ! આ શરીર પરની મમતા છોડી સમતાના તરંગમાં પડી જા અને પછી નવી જાતની અંતરશાંતિની આનંદપરાકાષ્ઠા થશે એ અનુભવ. સાગારી નિરાગારી અણુસણને વિચારી સમજી આદરી દે. આ અંત આરાધનાનો અતિ મહત્વનો વિષય છે અને સંયોગ અને શક્તિ પ્રમાણે આદરવા યોગ્ય છે. સંલેખણા વિધિ જાણી લેવો. નંદનમુનિએ અંતે નિરાગારી અણુસણ કરી ત્યાંથી સીધું દશમા દેવલોકે પ્રયાણ કર્યું હતું તે આપણે આગળ જોશું. આ આરાધનાનો નવમો પ્રકાર થયો. આ યુગમાં નિરાગારી અણુસણ ન થાય એટલે સાગારી કરવું પણ અણુસણ કરવું જરૂરી છે અને અંતવખતે સર્વ સંબંધ વોસરાવવા જેટલું જ તેનું મહત્વ છે. અણુસણથી ત્યાગ પાકો થાય છે અને વાસના ઊડતાં ચેતન સ્વમાં આવે છે. મર્યાદિત વખત માટે અમુક વસ્તુની છૂટ રાખી બાકીના સર્વનો ત્યાગ કરવો ને પચ્ચખ્ખાણ સાથે અમુક વખત તદ્દન આહાર બંધ કરવાનું શકય હોય તેટલો ઉપયોગ કરવો.

અને **દશમો** અને છેલ્લો સર્વથી અગત્યનો અધિકાર **નવકારમંત્રના ઉચ્ચાર**નો છે. પંચ-પરમેષ્ટીના નામના ઉચ્ચારનો એનો મહિમા અવર્ણ્ય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, એની મહત્તા ભારી છે, એનાં પરિણામો અકથ્ય છે. એ પંચનમસ્કારો સર્વ પાપને નાશ કરે તેવા છે, સર્વ મંગળનું મંગળ છે, અને મનને શાંત પાડી દે તેવા અખંડ વૈભવની મંડનમાલા છે. એને માટે ત્યાં સુધી કહેવામાં આવે છે કે જન્માંતરે જતાં જો એના અક્ષર કાને પડી જાય તો પ્રાણી દુર્ગતિમાં ન જાય. ભાગ્યવાન જીવો તો ચાર શરણાં સાંભળતા જાય, નમસ્કારમંત્ર કાનમાં પાડતા જાય અને અરિહંત અરિહંત નામનો જાપ બોલતા જાય. આ મહાપુનિત મંત્ર ભવભવનાં દુઃખોને કાપનાર છે, સંસાર સંતતિને છેદનાર છે, ભવભ્રમણને અટકાવનાર છે, આ ભવ પરભવમાં સુખ-સંપત્તિને આપનાર છે અને કાને પડે તો પણ પવિત્ર કરનાર છે અને ઉચ્ચારવામાં આવે તો સંસારનો આખો ઝોક પલટાવી શકવાની શક્યતાવાળો મહાન આત્મધર્મદર્શક સર્વત્ર વિજયી વિકારનાશક વશીકરણનો દોરો છે. એનો ઉચ્ચાર સાહજિક છે, એનો રણકાર અલંકારિક છે, એનું શ્રવણ આહ્લાદકારી છે અને એનું વાતાવરણ શાંતિથી ભરપૂર છે. જ્યારે સમય મળે ત્યારે આ નમસ્કારમંત્રનું સ્મરણ કરવું અને પર્યંત આરાધનાને અંગે એને અતિ અગત્યનું અંગ ગણવું. અંત આરાધનામાં શિખર ચડાવનાર છેલ્લા આરાધના-પયન્ના અને શ્રી વિનયવિજય ઉપાધ્યાયકૃત પુણ્ય-પ્રકાશના સ્તવન પ્રમાણે દશ અધિકાર થાય છે. શ્રી હેમચંદ્રાચાર્ય છ પ્રકારની આરાધના કહે છે દુષ્કર્મની ગર્હણા, પ્રાણીઓની ક્ષામણા, ભાવના, ચાર શરણ, નમસ્કાર અને અણસણ. આમાં ૧-૨-૪ અને છઠ્ઠા દ્વારનો અંતર સમાવેશ થઈ ગયો જણાય છે. બન્ને હકીકતનો બરાબર સમન્વય થઈ શકે છે. અધિકાર-દ્વારનું મહત્વ બરાબર લક્ષ્યમાં રાખવું. જીવનમાં જ્યારે ફુરસદ મળે ત્યારે નવકાર ઉચ્ચારની ટેવ પડી જાય તેને અંત આરાધનમાં નવકાર સ્મરણ વધારે સુલભ બને છે માટે જીવન નમસ્કાર સ્મરણમય બનાવવું. આ નમસ્કારમંત્રમાં મહાઉપકારી અનેક જીવોને ઉપદેશ કરનાર અરિહંતોને નમન છે, સર્વ કર્મોથી મુક્ત થયેલ સિદ્ધના જીવોને નમન છે, શુદ્ધ આચાર પાળનાર પળાવનાર સમાજને અને સાધુ-ઓને દોરવણી આપનાર આચાર્યોને નમસ્કાર છે, અભ્યાસ કરાવનાર જાતે અભ્યાસી વાચક ઉપાધ્યાયને નમસ્કાર છે અને યતિધર્મને ધારણ કરનાર ત્યાગી-વૈરાગી સંયમી મુનિ-સાધુઓને નમસ્કાર છે. આવા મુક્ત થયેલા અને મુક્ત થવાને માર્ગે પ્રગતિ કરનારને નમસ્કાર કરવાથી આત્મા જાગ્રત થાય છે, સ્વરૂપની યાદી થાય છે અને પરભાવ ત્યાગ તરફ સહજ આદર થાય છે.

## વીશ સ્થાનક આરાધનાના પ્રસંગમાં તીર્થંકર નામકર્મની નિકાચના લાવવી!

આવી રીતે નંદનમુનિએ પોતાનાં પાપને વોસરાવ્યાં, પોતે જાતે સર્વ જીવો પાસે ક્ષમાયાચના કરી, થયેલાં સુકૃત્યોની યાદી કરી, થઈ ગયેલાં પાપો માટે નિંદા કરી, સર્વ વસ્તુ સાથેનો સંબંધ વોસરાવ્યો, સર્વ પ્રાણીઓ સાથેનો સંબંધ વોસરાવ્યો, ચારે શરણાં કર્યાં અને ચેતનરાજને ઓળખતાં ખૂબ ભાવના ભાવી. નાશવંત શરીરને પર તરીકે પીછાન્યું, પૌદ્ગલિક ભાવની પરતા ધ્યાવી, શુભ ધ્યાનમાં ચેતનને દાખલ કરી દીધો અને નમસ્કાર વારંવાર કર્યા: અંતે સાઠ દિવસનું નિરાગારી અણસણ કર્યું અને સર્વ જીવોને વારંવાર ખમાવ્યા અને ખાસ કરીને પોતાના ધર્માચાર્યને અને સર્વ સાધુ સાધ્વીઓને ખમાવ્યા. જયજય નંદા જયજય ભદ્દાના અને નવકારના ઘોષની વચ્ચે ચાર શરણાં સાંભળતાં અરિહંત અરિહંતનો ઉચ્ચાર કરતાં પચીશ લાખ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી નંદનમુનિ પ્રાણત નામના દશમા દેવલોકે ગયા. એમણે એક લાખ વર્ષ સુધી ચારિત્ર પાલન કર્યું અને નિઃસ્પૃહ નિર્મમ અને સાપેક્ષી જીવન ગાળી છેવટના ભાગમાં શરીર અને શક્તિનો પૂરતો લાભ લઈ, આગળના ભવમાં બગાડી નાખેલ પ્રગતિપંથને ઠેકાણે લઈ આવી તેઓ મનખાદેહ છોડી ગયા, પણ આદર્શ ત્યાગ, નિરતિચાર ચારિત્ર, અનુકરણીય સંયમ અને ભાવનામય જીવનનો દાખલો મૂકી ગયા. એમણે છેલ્લા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાઠ દિવસ સુધી ચારે આહારનો ત્યાગ કર્યો અને છેલ્લે સમયે પોતાના દેહને પણ વોસરાવી દીધો.

નંદનમુનિએ જે આદર્શ ભાવના ભાવી સ્વપરનું વિવેચન કર્યું તે ખાસ આદરણીય છે, વિચારવા યોગ્ય છે, જીવવા યોગ્ય છે, અનુભવવા યોગ્ય છે. તેને માટે શ્રી હેમાચાર્ય મહારાજ લખે છે તે શબ્દો અંતરમાં ઊતરી જાય તેવા છે અને ઉતારવા યોગ્ય છે. તેઓ ભાવનાને અંગે લખે છે કે નંદનમુનિએ ભાવના આ પ્રમાણે કરીઃ "જીવિત યૌવન લક્ષ્મીરૂપ અને પ્રિય સમાગમ એ સર્વે વાયુએ નચાવેલા સમુદ્રના તરંગની જેમ ચપળ છે, વ્યાધિ જન્મ જરા અને મૃત્યુથી ગ્રસ્ત થયેલા પ્રાણીઓને શ્રી જિનોદિત ધર્મ વિના આ સંસારમાં બીજું કોઈ શરણુ નથી સર્વ જીવો સ્વજન પણ થયેલા છે અને પરજન પણ થયેલા છે, તો તેમાં કોણ પ્રાણી કિંચિત્ પણ પ્રતિબંધ કરે? પ્રાણી એકલો જ જન્મે છે, એકલો જ મૃત્યુ પામે છે, એકલો જ સુખને અનુભવે છે અને એકલો જ દુઃખને અનુભવે છે. પ્રથમ તો આત્માથી આ શરીર અન્ય છે, ધન-ધાન્યાદિક પણ અન્ય છે બંધુઓ પણ અન્ય છે અને તે દેહ ધનધાન્ય તથા બંધુઓથી આ જીવ અન્ય (જુદો) છે, છતાં તેમાં મૂર્ખજન વૃથા મોહ રાખે છે. ચરબી રૂધિર માંસ અસ્થિ ગ્રંથી વિષ્ઠા અને મૂત્રથી પૂરાયલા આ અશુચિના સ્થાનરૂપ શરીરમાં કયો બુદ્ધિમાન પુરૂષ મોહ રાખે? આ શરીર ભાડે રાખેલા ઘરની જેમ છેવટ અવશ્ય છોડી દેવાનું છે. તેનું ગમે તેટલું લાલનપાલન કર્યું હોય તો પણ તે નાશવંત છે. ધીર કે કાયર સર્વ પ્રાણીએ અવશ્ય મરવાનું તો છે જ, પરંતુ બુદ્ધિમાન પુરૂષે એવી રીતે મરવું કે જેથી પુનઃ મરવું પડે નહિ " આવી ભાવના ભાવતાં ભાવતાં અંતરમાં નમસ્કાર કરતાં ચાર શરણાં લેતાં તેઓ નંદનમુનિ તરીકેનું શરીર મૂકી વિદાઈ થઈ ગયા અને મહાન ત્યાગ આદર્શ વૈરાગ્ય ઉગ્ર તપસ્યા અને સાદા જીવનનો દાખલો મૂકી ગયા.

( ૨૬ )

**દશમે પ્રાણત દેવલોકે :**

નંદનમુનિનો જીવ દશમા પ્રાણત દેવલોકે વિસ્તારવાળા પુષ્પોત્તર વિમાનમાં ઉપરના પ્રતરમાં ઉત્પન્ન થયો. આ તેમનો છવીશમો ભવ થયો. આ ગણતરીમાં સમ્યકત્વ પ્રાપ્તિ થયા પછીના મોટામોટા ભવની જ ગણતરી કરી છે, નાના ભવો તો ઘણા થયા, પણ તેમાં કોઈ નોંધી લેવા લાયક બનાવ બનેલ ન હોવાથી તેની નોંધ જાળવી રાખી નથી. નયસારના ભવથી મહાવીર સુધીના ભવોમાં નોંધાયેલા સત્તાવીશ ભવોમાં ૧૩૦ જેટલા સાગરોપમનો કાળ થાય છે જ્યારે નયસારથી મહાવીર થતાં તેમને એક કોડાકોડી સાગરોપમનો કાળ લાગ્યો છે એટલે વચ-ગાળેના ભવોની સંખ્યા અને તેનો કાળ ઘણો મોટો હોવો જોઈએ. દશમા પ્રાણત અથવા પ્રાણોત દેવ-લોકમાં નંદનમુનિનો જીવ ઉત્પન્ન થયો ત્યારે પોતે તે દેવલોકની શય્યામાં બેઠા થયા અને દેવતાના મોટા સમૂહ અને સેવકગણને મોટી સમૃદ્ધિ વચ્ચે પોતાને અભિનંદતાં સાંભળી પોતાને વિસ્મય થયું. દેવતાઓ અવધિજ્ઞાન સાથે ઉત્પન્ન થાય છે એટલે ઉપયોગ મૂકી પોતાનો પૂર્વ ભવ સંભાર્યો, આવી સદ્ગતિમાં આવવાનાં કારણો સ્મરણમાં આવી ગયા અને પોતે કરેલ વ્રતનિયમ તપ ત્યાગ બરાબર સાંભરી આવ્યાં. પરિણામે સ્વાભાવિક રીતે એમની અર્હદ્ધર્મપરની પ્રીતિ અને શ્રદ્ધા કાયમ થયા. શય્યામાંથી બેઠા થયા એટલે મોટો દેવસેવક સમૂહ તેમની પાસે હાજર થઈ ગયો. એમને 'જયજય નંદા–જયજય ભદ્દા'ના મીઠા આઘોષથી દેવસમૂહે વધાવી લીધા. પછી જયવિજયના આઘોષ થયા. દેવોએ તેમને જણાવ્યું કે નવા ઉત્પન્ન થનાર દેવ તેમના સ્વામી છે, રક્ષક છે અને યશસ્વી હોઈ વિજયી છે.

દેવસેવકોએ પછી નંદનઋષિના દેવ થયેલા જીવને તેનું વિમાન બતાવ્યું, ઉપવનો બતાવ્યાં, સ્નાનવાપિકા બતાવી, સિદ્ધાયતન બતાવ્યું, અને સ્નાનગૃહ બતાવ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવભૂવન, વૃક્ષવાટિકા વાડી વન આરામ અને સિદ્ધાયતન તથા રાજસભાની ભવ્યતા જોઈ નવા આવેલા દેવજીવને આનંદ થયો, ચરણપીઠવાળા સિંહાસન પર તે બિરાજમાન થયા, સ્નાનગૃહની અસાધારણ શોભા પોતે જોઈ રહ્યા, દેવતાઓએ એમને દિવ્ય જળવડે અભિષેક કર્યો. ત્યાંથી પોતે અલંકારગૃહમાં ગયા. કિંકરદેવોએ તેમને બે દેવદૂષ્ય વસ્ત્રો આપ્યાં તથા મુકુટકુંડળ હાર વગેરે આભૂષણો આપ્યાં. આવી રીતે વસ્ત્રાલંકારથી સુસજ્જ થઈ રાજસભામાં બેઠા. ત્યાં દેવોની હાજરીમાં પોતે મૂલ્યવાન પુસ્તક વાંચ્યાં. ત્યાંથી પોતે સિદ્ધાલયમાં ગયાં. ત્યાં પુષ્પાદિ સામગ્રી તૈયાર હતી તેનાથી પ્રભુપૂજન કરી પોતે પ્રથમ દિવસ ઉજવ્યો. શાશ્વત જિનોના સ્નાત્ર પૂજન, સ્તવન કરી પોતાનાં અવતારની સફળતા માનવા સાથે તેનો લાભ લીધો. પોતાના વિશાળ વિમાનમાં ત્યારપછી દેવયોગ્ય ભોગ ભોગવવા લાગ્યા.

નવમું અને દશમું દેવલોક સમાનભૂમિ પર છે. દરેકમાં ચાર ચાર પ્રતર છે. પ્રાણતના પ્રથમ તટે ૧૯¼ સાગરોપમની સ્થિતિ છે. બીજે, ત્રીજે અને ચોથે પ્રતરે અનુક્રમે ૧૯½, ૧૯¾ અને ૨૦ સાગરોપમની કાળ સ્થિતિ છે. નંદનમુનિનો જીવ ચોથા પ્રતરમાં વીશ સાગરોપમના ઉત્કૃષ્ટ આઉખે ઉત્પન્ન થયો. પોતે અનેક દેવોના સ્વામી થયા. દેવગતિમાં એનામાં વૈરાગ્ય વાસના કાયમ રહી. એણે ત્યાં ખૂબ વાંચન કર્યું, ચેતનરામને બરાબર પિછાન્યો અને રંગરાગ ધામધૂમ કે ધમાલમાં વખત ન ગાળતાં શુભધ્યાન આત્મવિચારણા અને સંસારસ્વરૂપ અવલોકનમાં સમય ગાળ્યો. પ્રાણીને જ્યારે આંતરવિચારણા પ્રાપ્ત થઈ જાય છે ત્યારે એને અંદરથી એક જાતનું બળ આવે છે, એને આત્મવિશ્વાસ જાગ્રત થઈ જાય છે અને પછી એને નાટક ચેટક જોવામાં કે નખરાં કરવામાં વખત ગાળવો પડતો નથી. નંદનઋષિના જીવે આખો વખત આત્મવિચારણામાં, તીર્થંકરોના કલ્યાણક વખતે મહોત્સવ કરવામાં, શાશ્વત ચૈત્યોને ભેટવામાં અને આત્મસ્વરૂપ વિચારવામાં વખત ગાળ્યો. સાધારણ દેવોને મરણકાળ નજીક આવે છે ત્યારે અત્યંત ખેદ થાય છે, પોતાની જમે મૂડી ખરચાઈ ગઈ એ વિચારથી દુઃખ થાય છે અને સુંદર તકનો આત્મવિકાસને અંગે લાભ ન લીધો તેનો પસ્તાવો થાય છે એવું કાંઈપણ નંદનઋષિના જીવને ન થયું. એને તો સંસારનો અંત સર્વદાને માટે જેમ બને તેમ જલ્દી લાવવો હતો, એને પસાર થઈ ગયેલ કાળમાં સુખભોગનો લાભ ન લેવાના વિમાસણને બદલે આગામી અવિચળ સુખના સોણલાં આવતાં હતાં. વીશ સાગરોપમનો પૂરો કાળ આનંદથી આ દશમા દેવલોકના પુષ્પોત્તર વિમાનમાં ગાળી જરાપણ મોહ કે વ્યામોહમાં પડ્યા સિવાય અંત સમયે પણ માનસિક આરાધના કરતાં તેઓ જરાપણ ખેદ વગર દેવગતિમાંથી વિદાય થઈ ગયા અને આ રીતે છવીશ મોટા ભવોમાં અને અનેક નાના ભવોમાં પોતાનો જીવનરસ સાધતા ગયા. તેમણે નંદનમુનિના ભવમાં ભારે તપ કરી સર્વ જીવોને શાસનરસિક કરવાની ભાવના ખીલવી અને દુનિયાને દુઃખ દર્દમાંથી ઉગારવા અને છોડાવવા કમર કસી અને દેવગતિમાં એ ભાવનાને ભાવી ભાવીને ખૂબ વીકસાવી. આવી રીતે એકવાર તદ્દન તળિયે બેસી ગયેલ અને સાતમી નારકી સુધી જઈ આવેલ જીવ પાછો તદ્યોગ્ય સામગ્રી મળતાં ઠેકાણે આવી ગયો.

આવા અભ્યંતર વિકાસ પામેલ, તપ ત્યાગથી શુદ્ધ થયેલ, સંયમને વરેલ વિકસિત આત્મા દુનિયાના ઉદ્ધારને કાંઠે આવી, તદ્યોગ્ય તૈયારી કરી દશમા પ્રાણત દેવલોકથી ઇ. સ. પૂર્વ ૫૪૨ ના વર્ષે અસાડ સુદ દશમને રોજ કાળધર્મ પામી ચ્યવ્યો. ત્યાંથી એ આગળ કેવી રીતે વધશે, કેવો લાભ લેશે, કેવાં તપ તપશે અને કેટલો ઉપકાર કરી વર્ધમાન નામને સફળ કરશે અને મહાવીરના નામને દીપાવશે તે અધિકાર આગળ ઉપર રજૂ કરવાની તક લેવામાં આવશે. જય મહાવીર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મા વિકાસશીલ છે !

લેખક-સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

આત્મા એટલે આ શરીર નહીં, પાંચ ઇંદ્રિઓ નહીં અને તેમને રમાડતું મન પણ નહીં. એથી પર એવો પરમ શુદ્ધ અને પરમાત્મા થવા લાયક એવો આત્મા છે અને એનો મુખ્ય ગુણ જ્ઞાન છે. તેથી જ એ જ્ઞાન ગુણમય મનાય છે અને એ જ્યાં હોય ત્યાંથી ઉંચે ચઢવાનો અને પોતાનો વિકાસ સાધી લેવાનો પ્રયત્ન કરતો હોય છે. અને છેવટે એ પોતાની પૂર્ણતા જે પરમાત્મસ્વરૂપ કે નિત્ય મુક્ત અવસ્થા કહેવાય છે તે પ્રાપ્ત કરી લે છે.

જ્યારે એ આત્મા એકેંદ્રિય અવસ્થામાં હોય છે ત્યારે એ પોતાના સ્વભાવ ગુણથી જ એના માર્ગમાં જે જે અવરોધો આવતા રહે છે તેને દૂર કરતો રહે છે. અને ઉન્નત થવાનો, પ્રગટ થવાનો માર્ગ શોધી વિકાસશીલતાના ગુણની સહાયથી પોતાને અનુકૂલ એવી અવસ્થાવાળું એ ઇંદ્રિયાદિક શરીર ધારણ કરી લે છે નદી જ્યારે પોતાના ઉગમસ્થાનથી આગળ વધે છે ત્યારે માર્ગમાં એને અનેક નાના પ્રવાહો આવી મળે છે. અને એવી રીતે નદી વિશાલ સમૃદ્ધ થઇ આગળ ને આગળ વધે જ જાય છે. અને એના માર્ગમાં આવતા ખાડા અને ટેકરાઓ વટાવી પરિસ્થિતિને અનુકૂલ બની પોતાનો માર્ગ આક્રમણ કરે જાય છે. કોઇ વખત માર્ગમાં પર્વતરાજીમાંથી એને માર્ગ કાઢતા ખૂબ ઉંચેથી ઝંપાપાત કરવો પડે છે, તેમ ખીણોમાંથી જાણે ગુપ્ત માર્ગ કાઢી પોતાની પ્રગતિ સાધવી પડે છે. અને અનેક સંકટો દૂર કરી પોતાની ધ્યેયપૂર્તિ માટે એટલે વિશાલ સમુદ્રને જઈ મળવા માટે પ્રયત્ન કરી અંતે એ સ્વાત્માર્પણ કરી પોતાનું કાર્ય પુરૂ કરે છે. તેવી જ રીતે આ બદ્ધ અને અવિદ્યાથી પોતાને ઢાંકી અથડાતો આત્મા પણ અણુ થંભે પોતાના આવરણો દૂર કરતો આગળ વધતો જ રહે છે. કારણ એનો એ સ્વભાવ છે! ફૂલ કળી હોય છે ત્યારે એ અવિકસિત તેમજ બદ્ધ અને રૂદ્ધ થએલી હોય છે, પણ શીત, ઉષ્ણતા, વાયુકંપનના કારણથી તે ધીમે ધીમે વિકાસ પામે છે. અને એ જ કળી પ્રફુલ્લ ફુલનું રૂપ ધારણ કરે છે. અને શોભીતું, વિવિધરંગ આકૃતિ ધારણ કરી સુગંધ પસરતું ફૂલ બને છે. અને પોતાના સ્વભાવ ગુણથી પૂર્ણતા મેળવી છેવટ દેવમસ્તકે પણ ચઢે છે. આત્માનું પણ એમ જ છે.

અત્યંત દુર્ગંધયુકત જગ્યામાં રહેનારો અને અત્યંત હીન શરીર અને દુરવસ્થા ધારણ કરનારો આત્મા આજે ભલે અજ્ઞાન અને અવિદ્યાના કારણે અવિકસિત રહેલો હોય છતાં આત્માનો સ્વભાવ વિકસનશીલ હોવાથી એ જ આત્મા એક દિવસ શુદ્ધ બુદ્ધ થવાનો છે એ ભુલવું નહીં જોઇએ.

કોઈ માણસ ચોર હોય છતાં એ પોતાના બાલકોને સુખી કરવાનો પ્રયત્ન તો કરતો જ હોય છે. ચોરી કરવી એ હીન કાર્ય છે એવું એ મનમાં સમજતો હોય છે જ. તે માટે તો એ પોતાને છુપાવવાનો પ્રયત્ન કરે છે, વેષપલટો કરી ઠાવકું મોઢું રાખી પોતે સભ્ય છે એવો દેખાવ તો એ કરે છે જ કારણ ઊંડે ઊંડે પણ પોતાને સભ્ય અને સાહુકાર બનવાની એની આકાંક્ષા હોય છે. અજ્ઞાન અને મૂર્ખાઇની કલ્પનાથી એ પોતાની ખોટી ધારણા અને ગણત્રીને રોકી શકતો નથી. પણ આત્માની ઉન્નતિ અને પ્રગતિ સધાય એ સુપ્તભાવના એનામાં કામ કરી રહેલી હોવાથી એના વિચારો ચાલેલા હોય છે. કારણ આત્માનો વિકસિત થવાનો સ્વભાવ ભૂલી શકાતો નથી.

માનવ એ સહુ જીવસૃષ્ટીમાં વધુ સાધનસંપન્ન પ્રાણી છે. એટલું જ નહીં પણ માનવ ધારે તો પોતાના આત્માને મુકત અને અનંત સુખનો ધણી પણ બનાવી શકે તેમ છે. સ્વર્ગમાં પણ જે સાધનો



For Private And Personal Use Only

ઉપલબ્ધ નથી તે સાધનો આ લોકમાં માનવ આગળ પ્રત્યક્ષ છે. માણસને કાર્યક્ષમ શરીર, પાંચ જ્ઞાનેંદ્રિઓ સાથે મન અને બુદ્ધિ પણ મળેલી છે. આમ હોવા છતાં એની પ્રગતિને કોણ રૂંધી રહ્યું છે? કહેવું પડશે કે એની જવાબદારી એના પોતા ઉપર જ છે. માનવને બધા સાધનોની અનુકૂલતા હોવા છતાં એની પ્રગતિ અટકી પડે છે, એના માટે જવાબદાર કોણ? નદીના વહેણમાં ટેકરા, ડુંગરો અને પહાડોના અવરોધો ઉભા હોય છે, એ બધા નિસર્ગનિર્મિત હોય છે. પણ માણસ સ્વાભાવિક રીતે વિકાસશીલ હોવા છતાં એના માર્ગમાં કોણ પથરા નાંખે છે? કહેવું પડશે કે, માનવ પોતે જ કાલ્પનિક સુખ શાંતિની પાછળ પોતાની અજ્ઞાનદશાથી અવરોધો ઉભા કરે છે. અને ઝાંઝવાના પાણી પાછળ હરણની પેઠે દોડ્યા કરે છે. અને તેને લીધે અણધાર્યા અવરોધોને જાણે આમંત્રણ આપતો રહે છે. છતી આંખે અવિદ્યાના પડદો પોતાની આંખો સામે બાંધી ખાડામાં પડે છે! ત્યારે એની પ્રગતિ અટકી પડે એમાં આશ્ચર્ય શું? એને જે ભ્રામક સુખોમાં ગોઝારા ચિત્રો પોતાના મન આગળ ખડા કરેલા હોય છે એને જ અવિદ્યા કહેવામાં આવે છે. એ અવિદ્યાની ભ્રમણાને જો માણસ ઓળખી લે તો એનો મુક્તિનો માર્ગ સીધો અને સરળ બની જાય!

જે જ્ઞાની મહાત્માઓ એ અવિદ્યાની ભ્રમણાથી પર થઇ ગયા હોય છે, તેઓ જગતમાં પૂજ્ય ગણાય છે અને એમની પાસે લોકો માર્ગદર્શનની યાચના કરે છે.

અનંતકાળ સુધી ગુલામીમાં ટેવાઈ ગએલા માણસોને જેમ સ્વતંત્રતા એ આશીર્વાદને બદલે આપત્તિ લાગે છે, તેવી જ રીતે માનવોને કાલ્પનિક સુખો છોડતા આવતી કાલે આપણું કેમ થશે, એવી ચિંતા ભાસે છે, તેમ માનવને સાંપ્રત જે ખોટુ અને ભાસમાન સુખ છોડી જીવનને સુઘડ અને આત્માભિમુખ કરવું ગમતું નથી. તેથી જ એ સાચા આત્માના સુખને પામી શકતો નથી.

સામાન્ય માણસને જીવનમાં એકદમ પલટો કરવો ગમતો નથી. કારણ એમ કરવાથી આપણું જીવન ખારૂ થઈ જશે એવી એને ભીતિ લાગતી હોય છે. પણ જેમણે પોતાના જીવનને નિયમોથી બાંધી લીધેલું હોય છે, તેઓના મનને સાત્વિક આનંદના ઉમળકા આવતા હોય છે, એનું તેને ભાન હોતું નથી. માટે સામાન્ય માણસે પોતાને સર્વથા ત્યાગ કરવાની પોતાની શક્તિ ન જાગે ત્યાં સુધી અંશતઃ પણ વ્રત નિયમો ધારણ કરી અનુક્રમે આગળ વધવાનો પ્રયત્ન ચાલુ રાખવો જોઇએ. તે માટે પોતાનું મુક્તિનું ધ્યેય નક્કી કરી લેવું પડશે. એક વખત તે માર્ગે પ્રયાણ ચાલુ થતાં આત્મસાધનાની પ્રગતિ અનુક્રમે થતી જ રહેશે કારણ અવરોધો દૂર થતા આગળ વધવાનો આત્માનો સ્વભાવ છે!

વિદ્યાર્થી ભણતો હોય ત્યારે જ એ પોતાનું ધ્યેય નક્કી કરી લે ત્યારે તેને આગળ વધતા વાર લાગે નહીં. પોતાને વકીલ થવું છે કે ડોકટર અગર ઇજનેર થવું છે કે, વિજ્ઞાનવેત્તા, એ નક્કી કરતા પોતાનો માર્ગ જેમ સરળ કરી શકાય છે, તેમ આપણું અંતિમ ધ્યેય જન્મમરણના ફેરા ટાળી આપણે અનંતસુખના ધણી થવું હોય તો તે માર્ગે ગુરુકૃપા મેળવી આગળ વધવું જોઇએ. એક વખતે માર્ગ નિશ્ચિત કરી તેવી રીતે પગલા ભરવા માંડતા માર્ગ આપોઆપ નિષ્કંટક થઈ જશે એમાં શંકા નથી.

## શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

**સુજ્ઞ સભાસદ બંધુ,**

સવિનય જણાવવાનું કે આપણી સભાના લાઇફ મેમ્બરોને આપવાના ભેટ પુસ્તક **ભારતીય દર્શનની** રૂપરેખાનાં બુક ૧ સંવત ૨૦૧૯-૨૦૨૦ ની સાલની પોસ્ટેજ ૩૦ નયા મોકલી મંગાવી લેશો વી. પી નો ખર્ચ રૂ. ૧) થાય છે માટે તા. ૧-૪-૬૪ થી વી. પી. કરવામાં આવશે તો વી. પી. આવેથી સ્વીકારી લેશો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બન્ધસયગ કિંવા બૃહચ્છતકની બૃહચ્ચૂર્ણિ

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

[1]**ચૂર્ણિ(ચુણ્ણિ)**–'ચૂર્ણિ' એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે. એને માટેનો પાઇય (પ્રાકૃત) શબ્દ 'ચૂણ્ણિ' છે. એનો અર્થ એક પ્રકારનું ગદ્યાત્મક સ્પષ્ટીકરણ છે.–એ એક જાતની 'ટીકા' છે. એની ભાષા મિશ્ર હોય છે એટલે કે એમાંનું કેટલુંક ઘણુંખરું લખાણ પાઇયમાં હોય છે તો કેટલુંક સંસ્કૃતમાં અરે કોઇ કોઈવાર તો એક જ વાક્યમાંનો એક અંશ પાઇયમાં હોય છે તો બીજો સંસ્કૃતમાં હોય છે. શ્વેતાંબરોના કેટલાક આગમો ઉપર ચુણ્ણિઓ રચાઇ છે. એ ઉપરાંત કેટલાક અનાગમિક–દાર્શનિક ગ્રંથો ઉપર પણ તેમ કરાયું છે.

**બન્ધસયગ** (બન્ધશતક)–આ એની મુદ્રિત ચુણ્ણિ પ્રમાણે શ્રુતધર અને સમર્થવાદી **શિવશર્મસૂરિની** રચના છે. એમણે તો આ નામ જ રાખ્યું છે, પરંતુ કાલાંતરે એના સતગ, સયગ, શતક અને બૃહચ્છતક નામ યોજાયા છે; એ જૈનોના કર્મ-સિદ્ધાન્તના નિરૂપણરૂપ છે. એમાં એના નામ પ્રમાણે સો ગાથા હોવી જોઇએ. પરંતુ ૧૦૬ તેમજ ૧૦૭ ગાથા પણ જોવાય છે.

**બન્ધસયગની ચુણ્ણિઓ–બન્ધસયગ** ઉપર પાઇયમાં તેમજ સંસ્કૃતમાં નાનાં મોટાં વિવરણો રચાયાં છે. આ વિવરણોમાં એના ઉપર રચાયેલી ચુણ્ણિઓ (ચુર્ણિઓ)નો પણ સમાવેશ થાય છે. 'મલધારી' હેમચન્દ્રસૂરિએ **બન્ધસયગ** ઉપર સંસ્કૃતમાં **વિનેયહિતા** નામની વૃત્તિ રચી છે. એ મોડામાં મોડી વિ. સં. ૧૧૭૫ની રચના છે. એમાં 'ચૂર્ણિકાર' શબ્દ [2]કેટલેક સ્થળે બહુવચનમાં વપરાયો છે. માનાર્થે તેમ કરાયું છે કે કેમ તે ચોક્કસ કહેવું મુશ્કેલ જણાય છે. 'ચૂર્ણિ' શબ્દ પણ પત્ર ૧આ માં બહુવચનમાં વપરાયો છે. આ ઉપરાંત પત્ર ૩૭અ. માં લઘુચૂર્ણિ તેમજ [3]બૃહચ્ચૂર્ણિનો ઉલ્લેખ છે.

આ વિચારતાં **બન્ધસયગ** ઉપર ઓછામાં ઓછી બે ચૂર્ણિ તો રચાઇ છે જ. એને લઘુચૂર્ણિ અને બૃહચ્ચૂર્ણિ તરીકે ઓળખાવાય છે.

**લઘુચૂર્ણિ**–"सिद्धो णिद्धूयकम्मो"થી શરૂ થતી ચુણ્ણિ અમદાવાદથી વીરસમાજે મૂળ કૃતિની સાથે ઇ. સ. ૧૯૨૨માં છપાવી છે.[4] એનું પરિમાણ ૨૩૮૦ શ્લોક જેટલું છે એમ **જિનરત્નકોશ** (વિ. ૧, પૃ ૩૭૦)માં ઉલ્લેખ છે. એ મુદ્રિત ચુણ્ણિ જોતાં યથાર્થ જણાય છે અહીં કોઈ બૃહચ્ચૂર્ણિની નોંધ નથી. બધી જ હાથપોથીઓ આ મુદ્રિત ચુણ્ણિની જ હોય એ રીતે અહીં ઉલ્લેખ છે, પણ મને એ બાબત શંકા રહે છે એટલે એ બધી જ હાથપોથીઓ બરાબર તપાસાવી જોઇએ. કદાચ એમાંની કોઇ હાથપોથી લઘુચૂર્ણિનીને બદલે બૃહચ્ચૂર્ણિની પણ હોય અને એ જો મળી આવે તો એ સત્વર પ્રકાશિત થવી ઘટે.

**બૃહચ્ચૂર્ણિમાંથી અવતરણો–બન્ધસયગની** બૃહચ્ચૂર્ણિમાંથી સૌથી પ્રથમ અવતરણ કોણે આપ્યું છે તેની તપાસ કરવી બાકી રહે છે. બાકી **વિનેયહિતા** (પત્ર ૧૧અ)માં 'મલધારી' હેમચન્દ્રસૂરિએ નિમ્નલિખિત અવતરણ આપ્યું છે:—

"जो उवसम्म(म)सम्मद्दिट्ठि उवसमसेढीए कालं करेइ सो पढमसमये चेव सम्मत्तपुञ्जं

1. શ્વેતાંબર લેખકોએ અવચૂર્ણિ અને અવચૂર્ણિકા શબ્દનો પ્રયોગ કર્યો છે. એ એક પ્રકારની સંક્ષિપ્ત સંસ્કૃત સમજૂતી છે. એને 'ચૂર્ણિ' માની લેવાની કેટલાક ભૂલ કરે છે

2. જુઓ પત્ર ૧આ, ૨ આ અને ૮ આ.

3. આ નામ પત્ર ૧૧અ. માં પણ છે.

4. આ પ્રકાશનનું નામ "श्रीमच्छीवशर्मसूरीश्वर संदब्धं सचूर्णिकम् । श्रीशतकप्रकरणम् ।" છપાયું છે એ અશુદ્ધ છે. 'श्रीमच्छीव'ને બદલે 'श्रीमच्छिव' જોઇએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उदयावलियाए छोढु(दू)ण सम्मत्तपुग्गले वेएइ। तेण न उवसमसम्मद्दिट्ठी अपज्जत्तगो लब्भइ।"

**सत्तरिया** (ગા. ૫)ની વિવૃતિ (પૃ. ૧૪૭–૧૪૮)માં તેમજ ગા. ૨૧ની વિવૃતિ (પૃ. ૧૭૩)માં **મલયગિરિસૂરિએ** '**શતકબૃહચ્ચૂર્ણિ**માં કહ્યું છે એવા ઉલ્લેખપૂર્વક અનુક્રમે નીચે મુજબનું એકેક અવતરણ આપ્યું છેઃ—

(૧) "जहा '**नालिकेर**'दीववासिस्स अइखुहाइयस्स वि पुरिसस्स एत्थं ओयणाइए अणेगविहे ढोइए तस्स आहारस्स उवरिं न रुई न य निन्दा, जेण कारणेण सो ओयणाइओ आहारो न कयाइ दिट्ठो नावि सुओ, एवं सम्मामिच्छदिट्ठिस्स जीवादिपयत्थाणं उवरिं न रुई न य निन्दा"

(२) उवसमसम्मद्दिट्ठी अन्तरकरणे ठिओ कोइ देसविरइं कोइ पमत्तापमत्तभावं पि गच्छइ, सासायणो पुण न किमवि लहइ।"

વિ. સં. ૧૩૨૭માં સ્વર્ગે સંચરનારા **દેવેન્દ્રસૂરિએ કમ્મવિવાગ** (ગા. ૧૬)ની તેમજ **છાસીઈ** (ગા. ૧૩)ની સ્વોપજ્ઞ વૃત્તિમાં એમ એ સ્થળે **બૃહચ્છતકબૃહચ્ચૂર્ણિ**ના ઉલ્લેખપૂર્વક "जहा नालिकेर"થી શરૂ થતું જે અવતરણ **મલયગિરિસૂરિએ** આપ્યું છે તે જ આપ્યું છે.

**છાસીઈ**(ગા. ૧૪)ની સ્વોપજ્ઞ વૃત્તિમાં દેવેન્દ્રસૂરિએ **શતકબૃહચ્ચૂર્ણિ**માં કહ્યું છે એવા નિર્દેશપૂર્વક **વિનેયહિતા**માંથી ઉપર નોંધેલું અવતરણ આપ્યું છે.

**સયગ**(ગા. ૯૮)ની સ્વોપજ્ઞવૃત્તિ(પૃ. ૧૨૯)માં **દેવેન્દ્રસૂરિએ બૃહચ્છતકબૃહચ્ચૂર્ણિ**માં કહ્યું છે એવા ઉલ્લેખપૂર્વક નીચે પ્રમાણેનું પદ્યાત્મક અવતરણ આપ્યું છેઃ—

"उवसमसम्मद्दिट्ठी अन्तरकरणे ठिओ कोइ।
देसविरइं पि लहेइ, कोइ पमत्तापमत्तभावं पि॥
सासायणो पुण न किंपि लहेइ"

આ અવતરણ **મલયગિરિસૂરિએ** આપેલા અવતરણ સાથે અર્થદૃષ્ટિએ સર્વથા મળતું આવે છે એટલું જ નહિ પણ એમાં શબ્દસામ્ય પણ લગભગ પરિપૂર્ણ છે. આથી પ્રશ્ન એ ઉદ્ભવે છે કે **બન્ધસયગ**ની બૃહચ્ચૂર્ણિમાં શું પાઠાંતર હશે?

મલધારી હેમચન્દ્રસૂરિએ, **મલયગિરિસૂરિએ** અને **દેવેન્દ્રસૂરિએ બન્ધસયગ**ની બૃહચ્ચૂર્ણિમાંથી જે અવતરણો આપ્યાં છે તેની સંખ્યા ઉપલક દૃષ્ટિએ ચારની છે, જ્યારે પદ્યાત્મક અવતરણને ભિન્ન ન ગણતાં ત્રણની છે.

**મલયગિરિસૂરિએ પંચસંગહ**ની વૃત્તિમાં બૃહચ્ચૂર્ણિમાંથી એક અવતરણ આપ્યાનું મને સ્ફુરે છે, પણ એ વૃત્તિ અત્યારે સામે નહિ હોવાથી એ વાત જતી કરું છું.

બૃહચ્ચૂર્ણિને અંગેનાં અવતરણો વિચારતાં એમ ભાસે છે કે એની એક કે વધારે હાથપોથી વિક્રમની બારમી સદીના અંત સુધી અને દેવેન્દ્રસૂરિએ આવી કોઈ હાથપોથીમાંથી જ અવતરણો આપ્યાં હોય તો તેરમી સદીના અંત સુધી તો ઉપલબ્ધ હતી જ.

**લઘુચૂર્ણિ અને બૃહચ્ચૂર્ણિમાં મતભેદ—** **વિનેયહિતા** (પત્ર ૩૭ અ.)માં નીચે મુજબ ઉલ્લેખ છેઃ—

"श्रेणिद्वयवस्थितस्य हि जन्तोर्धर्म्मशुक्लध्यानद्वयमपि लघुचूर्ण्याद्यभिप्रायेणाविरुद्धम्,... बृहच्चूर्ण्यभिप्रायस्तु सरागस्य सूक्ष्मसरागस्यापि धर्मध्यानमेव"

આ ઉપરથી જોઈ શકાય છે કે સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાને વર્તતા સંયમીને લઘુચૂર્ણિ વગેરેના મતે ધર્મધ્યાન તેમ જ શુક્લધ્યાન હોય છે, જ્યારે બૃહચ્ચૂર્ણિના મતે ધર્મધ્યાન જ હોય, નહિ કે શુક્લધ્યાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લઘુચૂર્ણિનો મત મુદ્રિત ચુણ્ણિ (પત્ર ૧૭ અ.)માં જોવાય[1] છે એટલે મુદ્રિત ચુણ્ણિ તે જ લઘુચૂર્ણિ છે એમ ફલિત થાય છે. આમ હોઈ બૃહચ્ચૂર્ણિની તપાસ થવી ઘટે.

વિશેષમાં જ્યારે લઘુચૂર્ણિકાર અને બૃહચ્ચૂર્ણિકાર ભિન્ન ભિન્ન મત ધરાવે છે ત્યારે એઓ બંને ભિન્ન હોવા જોઇએ, બંને ચુણ્ણિના કર્તા જુદા જુદા હશે.

લઘુચૂર્ણિ દિગંબર યતિ વૃષભે રચ્યાનું પં. હીરાલાલ જૈનનું માનવું છે. એ ખરૂં જ હોય તો પણ બૃહચ્ચૂર્ણના કર્તાનું નામ જાણવું બાકી રહે છે.

**પૌર્વાપર્ય** (લઘુચૂર્ણિ) **બન્ધસયગ** ઉપર ૧૪ અને ૨૫ ગાથાનું એકેક અજ્ઞાતકર્તૃક ભાસ છે. આ ઉપરાંત ૨૪ ગાથાનું પણ એક ભાસ હોવાનો ઉલ્લેખ જોવાય છે. આમ જે બે કે ત્રણ લઘુભાસ છે તેમાંથી એક કે વધારે બે ચુણ્ણિમાંથી ગમે તે એક કે બંને કરતાં પ્રાચીન છે કે કેમ તે વિચારાવું જોઈએ. અને બૃહચ્ચૂર્ણિ પૈકી કઈ પહેલી રચાઈ છે એ પ્રશ્ન વિચારવાનો રહે છે.

**પરિમાણ**–બૃહચ્ચૂર્ણિનું નામ વિચારતાં એ લઘુચૂર્ણિ કરતાં કદમાં મોટી હોવી જોઇએ. ઓછામાં ઓછી ત્રણ હજાર શ્લોક જેવડી તો હશે જ.

**વિશેષતા–વિનેયહિતાનું** પરિમાણ ૩૭૪૦ શ્લોકનું હોવાનું **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૩૭૦)માં કહ્યું છે એમાં કેટલી સામગ્રી લઘુચૂર્ણિમાંની છે, કેટલી બૃહચ્ચૂર્ણિની અને કેટલી એ બેમાં ન હોય એવી છે. એનો પૂરેપૂરો ઉત્તર બૃહચ્ચૂર્ણિ મળ્યા વિના ન આપી શકાય, પરંતુ લઘુચૂર્ણિ પૂરતો તો નિર્ણય થઈ શકે અને એ માટે સવિવરણ બન્ધસયગનું મેં મારા એક [1]લેખમાં સૂચવેલું સંસ્કરણ પ્રસિદ્ધ થાય તો ઠીક થઈ પડે.

**ત્રીજી ચુણ્ણિ**–અંતમાં, 'ચૂર્ણિ' શબ્દ **વિનેયહિતા**માં બહુવચનમાં વપરાયો છે અને બે ચુણ્ણિ તો છે જ તો ત્રીજી પણ હશે એમ મને ભાસે છે. એટલું સૂચવતો હું આ લેખ પૂર્ણ કરૂં છું.

---

૧. "सेद्वीए धम्मसुक्कज्झाणाइं सविगप्पाइं अविरुद्धाइं"–પત્ર ૧૭ અ.

૧ આ લેખનું નામ "બન્ધસયગ અને એનાં વિવરણોનું સરવૈયું" છે.

## સુધારા

ગતાંકમાં છપાયેલા મારા લેખના શીર્ષકમાં 'હરિભદ્રીય' છપાયું છે તે હારિભદ્રીય જોઇએ.

ટિપ્પણમાં 'મણિલાલ વજુભાઇ' છપાયું છે તે 'મણિલાલ નગુભાઈ' જોઇએ.

પૃ ૩૨ માં 'વિશેષતાઓની' છપાયું છે તે 'વિશેષ નામોની' જોઇએ.

પૃ ૩૩ માં 'વૈયાળિક' છપાયું છે તે 'નૈયાયિક' જોઇએ.

,, અવિધેય ,, અભિધેય જોઇએ.

પૃ. ૩૪ માં रागषद्वेविवाजतः ,, रागद्वेषविवर्जितः જોઇએ.

—: પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો સીલીકે છે :—

**ચોસઠ પ્રકારી પૂજા–અર્થ અને કથાઓ સહિત**

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થએલ છે એટલે આપે આપની નકલ તરત જ મગાવી લેવી.

લખો :–શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિહ્નવવાદ

પ્રા. નર્મદાશંકર શાસ્ત્રી M. A. (સાહિત્યાચાર્ય, કાવ્યતીર્થ)

જૈન દર્શનમાં અનેક તત્વજ્ઞાનના ઝરણાઓ વહે છે. એવા અનેક ઝરણાઓમાં ગણધરવાદ અને નિહ્નવવાદ એ બે મહાન્ ઝરણાઓ છે. નિહ્નવવાદની વિશેષતાઓ આ પ્રમાણે છે.

ભગવાન મહાવીરપ્રભુના શાસનમાં થયેલા મિથ્યાગ્રહી મુનિઓએ પોતાની બુદ્ધિ અનુસાર માનેલ જૈન દર્શનને અસંમત એવા સૂક્ષ્મ વિચારોની ચર્ચા તે છે નિહ્નવવાદ.

નિન્હવવાદ મિથ્યાત્વને દૂર કરી સમ્યક્ત્વને નિર્મળ કરે છે

નિન્હવવાદની ઉત્પત્તિ જૈનાગમોને અવલમ્બીને થયેલ છે.

નિન્હવવાદમાં નિહ્નવ થયેલ સાધુઓને પોતાનો મત સ્થાપવાની તીવ્ર જીજ્ઞાસા હતી તેથી તેઓ પોતાના વિચારો અન્ય મુનિઓને–પોતાના શિષ્યોને સમજાવતા હતા અને જેને લીધે તે મતના અનેક અનુયાયીઓ થતા અને આ રીતે જુદા જુદા મતો વધવા લાગતા.

निन्हव શબ્દ निं ઉપસર્ગપૂર્વક न्हु ધાતુ ઉપરથી બનાવવામાં આવ્યો છે જેનો અર્થ સંતાડનાર-ખોટો આલાપ કરનાર થાય છે. અર્થાત્ મિથ્યા આગ્રહથી સત્ય વસ્તુને છુપાવનાર તે નિહ્નવ કહેવાય છે. અને તેમનો જે વાદ તે નિન્હવવાદ.

નિન્હવોની સંખ્યા અને તેમના સિદ્ધાંતનો ટુંકો પરિચય શ્રી આવશ્યક નિર્યુક્તિ, સ્થાનાંગસૂત્ર વગેરે ગ્રન્થોમાં નિન્હવોની સંખ્યા સાતની બતાવેલ છે, તે આ પ્રમાણે છે.

**बहुरय, पएस, अव्वत्त, समुच्छ, दुग, तिग, अबद्धिआणं च। एएसिं निग्गमणं वोच्छामि जहाणुपुव्वीए ॥**

૧. **જમાલી**–ક્ષત્રિયકુંડ નામના નગરમાં જમાલી નામના ક્ષત્રિય હતા તે શ્રી મહાવીરસ્વામીની બહેન સુદર્શનાના પુત્ર હતા અને મહાવીરપ્રભુની પુત્રી પ્રિયદર્શનાના પતિ હતા. તેમણે ૫૦૦ ક્ષત્રિયો સાથે શ્રી મહાવીરસ્વામી પાસે દીક્ષા લીધી હતી. પ્રિયદર્શનાએ પણ તે જ સમયે એકહજાર સ્ત્રીઓ સાથે દીક્ષા લીધી હતી. ભગવાન મહાવીરનો चलेमाणे चलिए, उदीरिज्जमाणे उदीरिए, जावनिज्जरिज्जमाणे निज्जिण्णे "અર્થાત્ ચાલતું-ચાલ્યું, ઉદીરિણાય કરાતું ઉદીર્યું, યાવત્ નિર્જરા કરાતું નિર્જર્યું" આ સિદ્ધાંત ખોટો છે તેમ જમાલીને લાગ્યું અને महान्तोऽपि स्खलन्ति हि–મોટાઓ પણ ભૂલ કરે છે આમ માની તેમણે પોતાની કલ્પનાથી પોતાના શિષ્યોને આ પ્રમાણે કહ્યું–क्रियमाणं कडं ને બદલે क्रियमाणं क्रियमाणं, कडं कडं માનવું અર્થાત્ જો ક્રિયા કરાતી હોય તો કરાય છે એમ કહેવું અર્થાત્ ઘણે લાંબેકાળે વસ્તુ ઉત્પન્ન થાય છે એવા વાદના સ્થાપક જમાલી નામના પ્રથમ નિન્હવ શ્રી મહાવીરસ્વામીપ્રભુના કેવલજ્ઞાન પછી ચૌદ વર્ષે શ્રાવસ્તિ નગરીમાં થયાં. જમાલીએ નિર્દેશિત વિચારોમાં ઘણા આત્માઓ જોડાયા તેથી તેમનો મત "બહુરત" નામે ઓળખાય છે.

૨. **તિષ્યગુપ્તાચાર્ય**–શ્રી રાજગૃહ નગરમાં આત્માના અન્તિમ પ્રદેશમાં જ આત્માનું સર્વસ્વ માનનારા તિષ્યગુપ્તાચાર્ય નામના બીજા નિન્હવ થયા. તેઓ ચૌદપૂર્વધારી શ્રી વસુ આચાર્યના શિષ્ય હતા. પ્રભુ મહાવીરસ્વામીજીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા બાદ સોળમે વર્ષે પ્રસંગ બન્યો કે તેઓ પોતાના ગુરુ પાસે દશમાપૂર્વનું અધ્યયન કરતા હતા. તેનું નામ "આત્મપ્રવાદ" છે આ પર્વમાં આત્માના અનેક ગહન વિચારો ગુંથાયા છે. આમાં એ પ્રમાણે પાઠ આવે છે કે "જીવનો એક પ્રદેશ જીવ કહી શકાય ? એ વિચાર સત્ય નથી. એ પ્રમાણે જીવના બે પ્રદેશો,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રણ પ્રદેશો, સંખ્યાતા-અસંખ્યાતા પ્રદેશોને છેવટે એક પ્રદેશ ન્યૂન સર્વપ્રદેશો પણ જીવ એ પ્રમાણે કહી શકાય નહિ, કારણ કે સમ્પૂર્ણ લોકાકાશના પ્રદેશ સમાન પ્રદેશવાળો જીવ એ જ જીવ કહી શકાય છે.” આ પાઠનું અધ્યયન કર્યા બાદ તિષ્યગુપ્તાચાર્યે આના ઉપર મનન કર્યું અને છેવટે તેમણે નક્કી કર્યું કે આત્મસર્વસ્વ તે અન્તિમ પ્રદેશમાં છે. તે જ (અન્તિમ પ્રદેશ) જીવ છે અર્થાત્ અન્તિમ પ્રદેશને જ જીવ માનવો જોઇએ. દરેક પદાર્થના અન્તિમ પ્રદેશો જ દ્રવ્ય તરીકે માનવા જોઇએ. આ પ્રમાણે તેઓ “અન્ત્ય પ્રદેશવાદ’ ફેલાવવા તૈયાર થયા. છેવટે આમકલ્પા નગરમાં મિત્રશ્રી નામના શ્રાવકે કુરિયા ને સાથવો વગેરે વહોરાવી પ્રતિબોધ પમાડ્યો. તિષ્યગુપ્તે ભૂલનો એકરાર કરી આલોચના કરી પુનઃ પોતાના ગચ્છમાં આગમન કર્યું.

૩. **આર્ય આષાઢાચાર્ય**–ભગવાન મહાવીરસ્વામી મુક્તિ ગયા બાદ ૨૧૪ વર્ષે શ્વેતામ્બિકા નામની મહાનગરીમાં આર્ય આષાઢાચાર્ય પધાર્યા. તેઓની ઉપદેશશૈલીથી સર્વ પ્રજા મુગ્ધ થઈ ગઈ હતી. આષાઢાચાર્યે પણ અનેક ક્રિયાઓ અપ્રમત્તભાવે કરાવી. આ દિવસોમાં પોલાષાઢ નામના ચૈત્યમાં મુનિઓના જોગ ચાલતા હતા આ બધી ક્રિયા આષાઢાચાર્ય કરાવતા હતા તેવામાં એક દિવસ એકાએક આયુઃકર્મની પૂર્ણાહુતિ થવાથી આચાર્યશ્રી કાળધર્મ પામ્યા અને સૌધર્મ દેવલોકના નલિની ગુલ્મ વિમાનમાં ઉત્પન્ન થયાં. રાત્રિના બનાવની કોઈ મુનિને ખબર નહતી. આચાર્યશ્રીએ વિચાર્યું કે–“મારા વિના યોગક્રિયા અપૂર્ણ રહેશે અને જેનાથી સાધુઓ ઘણો કલેશ અનુભવશે’ તેમ વિચારી પોતાના પૂર્વ શરીરમાં તે દેવે પ્રવેશ કર્યો. સર્વ મુનિઓના યોગ પૂર્ણ કરાવી આષાઢાચાર્યે બનેલી હકીકત કહી પોતાના દુષ્કૃતની માફી માગી, કારણ કે છઠ્ઠે-સાતમે ગુણસ્થાનકે વર્તતા મુનિઓને ચોથે ગુણસ્થાને રહેલા દેવને ક્રિયા કરાવવાનો અધિકાર નથી આ પ્રમાણે માફી માગી આષાઢાચાર્ય તરત જ અદૃશ્ય થઈ ગયા શરીર ત્યાંને ત્યાં પડી રહ્યું. તેની ઉત્તર વિધિ કર્યા બાદ ઘણા મુનિઓમાં અવ્યક્તદૃષ્ટિ આવી તેઓ વિચારવા લાગ્યા કે “આપણને શી ખબર પડે કે આ બધા મુનિઓ જ છે ને દેવ નથી!” આજ સુધી તો ચોથે ગુણઠાણે રહેલા દેવસ્વરૂપ આચાર્યને વંદન કરી મિથ્યાચારણ કર્યું, માટે સૌથી સારી વાત એ છે કે જ્યાં સુધી પાકો નિર્ણય ન થાય ત્યાં સુધી કોઇને પણ વન્દન આદિ ન કરવાં, જેથી લાભ ન થાય તો કાંઈ પણ દોષમાં તો ન પડાય. આ રીતે માનનારા અનેક સાધુઓ સમુદાય બહાર થયા. છેવટે રાજા બલભદ્રના પ્રબલ પ્રયત્નથી મુનિઓ મૂળ માર્ગે આવી ગયા. સ્થવિરો પાસે પ્રાયશ્ચિત લઇ આત્માને શુદ્ધ કર્યો મુનિઓના સમજી જવાથી અવ્યક્તવાદ ફેલાયો નહિ. થોડો સમય પ્રકાશી શાન્ત થઇ ગયો.

૪. **આર્ય અશ્વમિત્ર**–આર્ય અશ્વમિત્રના ગુરુ આર્ય કૌન્ડિન્ય હતા અને તેના ગુરુ આર્ય મહાગિરિ હતા. આર્ય અશ્વમિત્રને પોતાના પ્રગુરુની સાથે એક વિષયમાં વિચારભેદ થયો. તેથી તેઓ પોતાના શિષ્ય પરિવાર સાથે સમુદાયથી બહાર વિચરતા હતા. આર્ય અશ્વમિત્ર “દરેક વસ્તુઓ ક્ષણે ક્ષણે નાશ પામે છે અર્થાત્ સર્વ અનિત્ય અને અસાર છે તે ચોક્કસ છે, માટે કોઈ પણ પદાર્થ ઉપર રાગ-દ્વેષ ન કરતાં સમભાવ કેળવવો એ જ પરમપદ પામવાનો પવિત્ર માર્ગ છે” તેમ માનતા હતા. આ વિચાર તેઓ સર્વત્ર પ્રગટ કરતા હતા. છેવટે રાજગૃહની સમીપ આવે છે અને શ્રાવકોના કરેલ પ્રયોગથી આર્ય અશ્વમિત્રને પોતાનો સિદ્ધાંત ભ્રામક છે તેની ખાત્રી થાય છે અને પુનઃ પ્રગુરુ આર્ય મહાગિરિજી પાસે મિથ્યા વિચારણા માટે પશ્ચાત્તાપપૂર્વક પ્રાયશ્ચિત કર્યું અને આત્મસાધના કરી સદ્‌ગતિને પામ્યા.

૫. **આર્ય ગંગાચાર્ય**–મહાવીરપ્રભુના નિર્વાણ બાદ ૨૨૮ વર્ષે ઉલ્લુકાતીર નગરમાં આર્ય ગંગાચાર્ય થયા. તેઓ એક વખત વિચારવા લાગ્યા કે “કેટલાએક દર્શનકારો મનને પરમાણુસ્વરૂપ માને છે. કેટલાએક કેવળ વિચારણારૂપ જ માને છે, તો કેટલા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક મનને માનતા જ નથી. આ બંધી માન્યતાઓ સત્ય હોઇ શકે નહિ. મન એ તો પુદ્‌ગલોનો સમૂહ છે. તેને મનોવર્ગણા કહેવામાં આવે છે ફક્ત સંજ્ઞી પંચેન્દ્રિયોનેજ મન હોય છે આમ મનનો વિચાર કરી એક સમયે એક જ જ્ઞાન થાય છે અને અનેક જ્ઞાન થતાં નથી તેનું શું કારણ ? મનના સંપર્કથી ઇન્દ્રિયો દ્વારા આત્મા દરેક પદાર્થોને જાણી શકે છે તો એકીસાથે બધી ઇન્દ્રિયોથી જ્ઞાન કેમ થતું નથી ? જૈનદર્શનમાં તો કહેલ છે કે-આત્મા અને મન શરીરમાં બધે ઠેકાણે છે તે તે સ્થાને ઇન્દ્રિયો પણ છે અને તેને વિષયો પણ મળેલ છે છતાં जुगवं नत्थि दो उवओगा એકીસાથે બે ઉપયોગો નથી આમ કેમ કહ્યું હશે ? આ વિષે તેમણે પોતાના ગુરુજી સાથે ચર્ચા કરી. પણ તેમને સંતોષ થયો નહિં અને તેમણે જાહેર કર્યું કે " હું તો એકસમયે સામગ્રી હોય તો બે કે વધારે ઉપયોગ થવામાં કંઈ બાધા નથી એમ માનુ છું." ગુરુજીએ શાસનહિતની દ્રષ્ટિએ તેમને સંઘથી જુદા કર્યા. ત્યારબાદ આર્ય ગંગાચાર્ય પોતાના આ સિદ્ધાંતને ફેલાવવા વિચરતા રાજગૃહીમાં આવે છે અને ત્યાં મણિનાગ નામના યક્ષ દ્વારા પ્રતિબોધ પામે છે અને મિથ્યા વિચારણા બદલ માફી માગી પ્રાયશ્ચિત કરી સંઘમાં દાખલ થઈ સંયમની સારી રીતે આરાધના કરી સ્વર્ગગામી થયા.

૬ **ષડુલકાચાર્ય**-શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ બાદ ૫૦૪ વર્ષે અંતરંજીકા નગરીમાં ષડુલકાચાર્ય નામના છઠ્ઠા નિન્હવ થયા. આમનું મૂળ નામ શ્રી રોહગુપ્ત હતું, પણ તેઓ ઉલૂક ગોત્રીય હોવાથી અને છ પદાર્થોનું નિરૂપણ કરેલ છે માટે તે ષડુલકાચાર્યના નામે પ્રસિદ્ધ થયા તેઓ શ્રી ગુપ્ત નામના આચાર્યમહારાજના શિષ્ય હતા. તેઓનું માનવું એવું હતું કે જગતની કોઈપણ વસ્તુ લ્યો તો તેના ત્રણ પ્રકાર જ થાય છે. માટે ઘણા જીવ અને અજીવ એમ બે જ રાશિ છે એ પ્રમાણે માને છે તે અસત્ય છે પણ જીવ, અજીવ અને નોજીવ એમ ત્રણ રાશિ છે. પણ બે રાશિ નથી, ગુરુજીએ સમજાવ્યું કે જગતમાં નોજીવ નામની કોઇ રાશિ નથી, બે જ રાશિ છે, પણ રોહગુપ્તે પોતાની મિથ્યા વિચારણા પકડી રાખી જેનાથી તેમને સંઘ બહાર મૂકવામાં આવ્યા. શ્રી રોહગુપ્તે-ષડુલકાચાર્યે પોતાનો નવો વાદ શરૂ કર્યો જેનાથી વૈશેષિક દર્શનનો આરંભ થયો તેમ જૈનદર્શનના વિદ્વાનો માને છે.

૭. **ગોષ્ઠામાહિલ** - ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ પછી ૫૮૪ વર્ષે દશપુર નગરમાં ગોષ્ઠામાહિલ નામના સાતમા નિન્હવ થયા. શ્રી આર્યરક્ષિતજી મહારાજના ગચ્છમાં દુર્બલિકાપુષ્યમિત્ર, વિન્દય-મુનિ, ફલ્ગુરક્ષિતજી અને ગોષ્ઠામાહિલ એમ ચાર વિદ્વાન સાધુઓ મુખ્ય રીતે હતા. શ્રી આર્ય-રક્ષિતજીએ કાળધર્મ પામ્યા પહેલાં પોતાની પાટે દુર્બલિકા પુષ્યમિત્રની સ્થાપના કરી ગયા હતા ત્યાર બાદ આર્યરક્ષિતજી કાળધર્મ પામ્યા. પાટે દુર્બલિકા પુષ્યમિત્રની સ્થાપના કરવામાં આવી. આથી ગોષ્ઠા-માહિલને ઘણી ઇર્ષ્યા થઈ અને તેમણે જૈનદર્શનના દોષો શોધવાનો પ્રયાસ કર્યો. તેમની માન્યતા એ હતી કે આત્મા અને કર્મનો સંબંધ ક્ષીરનીર જેવો નથી પણ તેનો સમ્બન્ધ સર્પ ને તેની કાચળીના સમ્બન્ધ જેવો છે. બીજી તેમની માન્યતા એ હતી કે પ્રત્યાખ્યાનમાં (પચ્ચક્ખાણ) જે जावज्जीवाए (જ્યાં સુધી જીવું ત્યાં સુધી) પદ છે તે યોગ્ય નથી. આ બન્ને બાબતો ઉપર શ્રી દુર્બલિકાપુષ્યમિત્રે ઘણું સમજાવ્યું પણ પોતાના મિથ્યા આગ્રહને અંતિમ સુધી વળગી રહ્યા. છેવટે શાસનના હિતની ખાતર તેમને સંઘ બહાર મૂકવામાં આવ્યા. જો કે તેમના મતનો વિશેષ પ્રચાર થયો નહિં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

## समालोचना

**"ભારતીય દર્શનની રૂપરેખા"**:-લેખક અને પ્રકાશક : શ્રી નર્મદાશંકર શાસ્ત્રી, એમ. એ. એસ. ટી. સી. સાહિત્યાચાર્ય, કાવ્યતીર્થ રા. ભા. રત્નઅધ્યાપક શામળદાસ કોલેજ, ભાવનગર. મૂલ્ય રૂા. ૩. મળવાનું ઠેકાણું:-નર્મદાશંકર શાસ્ત્રી, એમ. એ. સંસ્કૃતમ્, પ્લૉટ નં. ૨૧, કૉમર્સ કોલેજ સામે-ભાવનગર.

સંસારના દુઃખોનો નાશ કરી વાસ્તવિક સુખ અને શાશ્વત શાંતિનો માર્ગ દર્શાવનાર જે શાસ્ત્ર છે તેને દર્શનશાસ્ત્ર કહે છે. સર્વ દર્શનશાસ્ત્રનું ધ્યેય આત્મસ્વરૂપ જ્ઞાન, દેહાધ્યાસનિવૃત્તિ અને મુક્તિપદ પ્રાપ્ત કરવાનું છે.

ધર્મશાસ્ત્ર અને દર્શનશાસ્ત્ર બન્ને પરસ્પર આશ્રયાશ્રયી છે ધર્મ એટલે આચરણીય માર્ગ. ધર્મનું સાચું જ્ઞાન હોય તો જ ધર્મ યથાર્થ રીતે આચરણમાં મુકી શકાય. તેથી ધર્મશાસ્ત્રના જ્ઞાન સાથે દર્શનશાસ્ત્રના જ્ઞાનનો વિશિષ્ટ સંબંધ છે અને જે ધર્મને સતેજ કરવામાં ઉપયોગી છે.

વિવિધ દર્શનશાસ્ત્રોનો અભ્યાસ-મનન કરી શ્રી નર્મદાશંકર શાસ્ત્રીએ ગુજરાતીમાં આ સુંદર પુસ્તક લખેલ છે. દર્શનશાસ્ત્રનું આ પુસ્તક અભ્યાસીઓને માટે માર્ગદર્શક છે. આ પુસ્તકમાં ભારતીય દર્શનોના વિચારોને સંક્ષિપ્તમાં દર્શાવવામાં આવેલ છે. સરળ ભાષા અને મૂળ ગ્રંથોના અવતરણો વગેરે આ પુસ્તકના ખાસ લક્ષણો છે. ગુજરાતી જનતા આ પુસ્તકનો યોગ્ય સત્કાર કરશે તેવી આશા રાખું છું.

## ખેદકારક સ્વર્ગવાસ

૧. ભાવનગરનિવાસી શેઠ માણેકચંદ કરમચંદ લાંબા વખતની માંદગી ભોગવી સં. ૨૦૨૦ પોષ શુદ ૭ ના રોજ સ્વર્ગવાસી થયા છે. સ્વર્ગસ્થ સ્વભાવે મિલનસાર હતા, આપણી સભાના ઘણા વર્ષોથી લાઈફ મેમ્બર હતા. અમે સદ્ગતના આત્માની શાંતિ ઇચ્છી તેમના સુપુત્રો વગેરે કુટુંબીજનોને દિલાસો આપીએ છીએ.

૨. ભાવનગરનિવાસી બંધુ દલીચંદ ઠાકરશીભાઇ ૫૫ વર્ષની વયે મહા વદ ૫ને રવિવારના રોજ સ્વર્ગવાસી થયા છે. તેઓ સ્વભાવે મિલનસાર અને શાંત હતા. તેઓ વર્ષોથી આપણી સભાના લાઈફ મેમ્બર હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઈચ્છી તેમના આપ્તજનો પરત્વે દિલસોજી દર્શાવીએ છીએ.

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય-ભાવનગર

For Private And Personal Use Only